બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)

(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, બાવીસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૬)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ ભક્તિમાતા - ઘનશ્યામને (૯/૧૫)

➪ ગોમતી ગાયે મોટી દોણી ભરીને દૂધ આપ્યું. તેથી ભક્તિમાતાને થયું કે આટલું બધું દૂધ છે માટે લાવ દૂધપાક કરું. તેથી તેમણે ઘનશ્યામને કહ્યું.

૨. ➪ ઘનશ્યામ - ભક્તિમાતાને (૨૦/૩૧)

➪ ભક્તિમાતાનો ઘડો અને દોરડું કૂવામાં ભૂતોએ લઈ લીધું. તેથી ભૂતો જોઈ ગભરાયેલાં ભક્તિમાતા તરત જ પાછા આવ્યા ત્યારે.

૩. ➪ ઘનશ્યામ - ભક્તિમાતાને (૨૪/૪૨)

➪ વસંતાબાઈ ઈચ્છારામને તેડીને ચાલતાં હતાં તેથી ઘનશ્યામે પણ તેડાવવાની હઠ કરતાં કહ્યું.

**પ્ર.૨ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ઘનશ્યામનો જન્મ છપૈયામાં સંવત્ ૧૮૩૭ ના ચૈત્ર સુદ નોમના દિવસે થયો હતો. (૧/૧)

૨. એકાદશી કરવાથી હજાર અશ્વમેઘ યજ્ઞ જેટલું પુણ્ય મળે છે. (૩૧/૫૬)

૩. ઘનશ્યામનાં જમણાં પગમાં અષ્ટકોણ, ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ અને પદ્મ જેવાં ચિહ્નો હતાં. (૨૪/૪૧)

૪. ઘનશ્યામે બાજોઠ પરથી પુસ્તક ઉપાડતાં માતા-પિતાને ખાતરી થઈ કે ચોક્કસ આ પુત્ર ભણીગણીને વિદ્વાન થશે. (૫/૮)

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **પથ્થર ઉપર પાણીમાં મુસાફરી : ચૈત્ર** માસમાં **ધર્મપિતા** બધાને લઈને **અયોધ્યા** જવા નીકળ્યા. રસ્તામાં સરયૂ નદી આવે. ખલાસીએ (હોડીવાળાએ) **(સવાયા)** વધારે પૈસા લેવા કહ્યું. ઘનશ્યામે બધાને મોટી પથ્થરની પાટ પર બેસાડી નદીના સામા કાંઠે પહોંચાડી દીધા. (૩૪/૬૧)

૨. **ઘનશ્યામે હિંસા બંધ કરાવી :** જ્યારે ધર્મદેવ અને ઘનશ્યામ **બલદીધર** અને **મોરલીગંગાધરને** મળવા માટે બલ્લમપઢરી ગયા ત્યારે ઘનશ્યામે રાજાના તંબુમાં થતી હિંસા બંધ કરાવી. (૨૫/૪૩)

૩. **પ્રભુનું નામ પાડ્યું :** ૩ માસના ઘનશ્યામનું નામ **માર્કંડેય મુનિએ** હરિકૃષ્ણ, ઘનશ્યામ તથા નીલકંઠ પાડ્યાં. (૪/૬)

૪. **વાંદરાને મેથીપાક : અયોધ્યામાં** ઘનશ્યામ **ઓશરીમાં** જમતા હતા ત્યારે વાંદરો **પૂરી** ખૂંચવી ડાળે જઈને બેઠો. (૧૬/૨૪)

**પ્ર.૪ નીચે આપેલ પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. ઘનશ્યામે કાન વીંધાવ્યા (૬/૮)**

૧. સાત માસના ઘનશ્યામના કાન વીંધાવવા ભક્તિમાતા આંબલીના ઝાડ નીચેના ચોતરા પર બેઠાં.

૨. કાન વીંધનારો સોય લઈને ઘનશ્યામનો કાન પકડવા જતો હતો ત્યાં ઘનશ્યામના શરીરમાંથી નીકળેલ તેજથી તેની આંખો અંજાઈ જવાથી તે ડરી ગયો.

૩. તેજ શરીરમાં પાછું સમાવી ઘનશ્યામ માતાના ખોળામાંથી અદૃશ્ય થઈને આંબલીની ડાળીએ જઈને બેઠા.

૪. ઘણા વખત સુધી બે સ્વરૂપે દર્શન દીધાં પછી ઘનશ્યામે ગોળ ખાવા આપવા કહ્યું.

૫. માતાએ આપેલો ગોળ ખાતાં ખાતાં ઘનશ્યામે કાન વીંધાવ્યા.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨, ૩, ૪ (૨૧/૩૨) ૨. ૧, ૨ (૪૬/૮૧) ૩. ૨ (૪૨/૭૫) ૪. ૧, ૩ (૧૮/૨૮)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. રામપ્રતાપભાઈએ ઘનશ્યામને તમાચો માર્યો. (૨૨/૩૬)

જ. ઘનશ્યામે સુવાસિની ભાભીની વીંટી કંદોઈને આપી મીઠાઈ લઈ બાળમિત્રોને જમાડ્યા. જ્યારે રામપ્રતાપે ઘનશ્યામને પૂછ્યું વીંટી ક્યાં ગઈ ? ત્યારે ઘનશ્યામે કહ્યું : 'મને વીંટીની કાંઈ ખબર નથી' માટે.

૨. ધર્મદેવનું ગૌરવ વધ્યું. (૪૩/૭૮)

જ. કાશીની વિદ્વત સભામાં ઘનશ્યામે વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન કરતાં હતાં ત્યાં સૌ વિદ્વાનોને સમાધિમાં સૌ સૌના ઈષ્ટદેવના દર્શન થયાં. સમાધિમાંથી જાગ્રત થતાં સૌ વિદ્વાનોએ ઘનશ્યામની સ્તુતિ કરી, દંડવત્ પ્રણામ કરતાં ધર્મદેવનું ગૌરવ વધ્યું.

૩. ઘનશ્યામે પૂજારી વ્રજવિહારી બ્રાહ્મણને દેખતો કર્યો. (૪૧/૭૪)

જ. વ્રજવિહારી બ્રાહ્મણે ઘનશ્યામની માફી માગી કહ્યું તમે તો ભગવાન છો, ચમત્કારી છો, મને આંધળાને દેખતો કરો. હું ભગવાનનું ભજન કરીશ. પૂજા કરીશ. કૃપા કરી મને આશીર્વાદ આપી દેખતો કરો. માટે ઘનશ્યામે વ્રજવિહારી બ્રાહ્મણને દેખતો કર્યો.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, પંદરમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૬)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ યોગીજી મહારાજ - હરિકૃષ્ણ મહારાજને (૨૦/૨૯)

➪ સારંગપુરથી ગઢડાં જતાં મહારાજને પાણી ધરાવવાનો સમય થઈ ગયો પણ ક્યાંય પાણી ન મળ્યું. સાંજના છ વાગે પાણી મળતાં પાણી ધરાવી માફી માંગતા કહે છે.

૨. ➪ કરસનસંગ બાપુ - યોગીજી મહારાજને (૧૭/૨૪)

➪ ઉનાળાના આકરા તાપમાં અડવાળમાં ઘણીવાર ઘરડા સાધુનો હાથ પકડી યોગીજી મહારાજને ઝોળી માગતા જોતા. બાપુને દયા આવે છે તેથી કહે છે.

૩. ➪ શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને (૩૩/૫૦)

➪ અઠ્ઠાવીસ વર્ષના શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સંસ્થાના પ્રમુખપદે નિમણૂંક કરી ચાદર ઓઢાડી ત્યારે બાજુમાં બેઠેલા યોગીજી મહારાજને શાસ્ત્રીજી મહારાજ કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ઝીણાભાઈનાં માતાનું નામ પુરીબાઈ અને પિતાનું નામ દેવચંદભાઈ હતું. (૧/૧)

૨. યોગીજી મહારાજ રોટલા ઘડતા ત્યારે સ્વામીની વાતો ને ભજનો બોલતા જાય. (૧૬/૨૪)

૩. શાસ્ત્રીજી મહારાજે ગોંડલ મંદિરના પ્રથમ મહંત યોગીજી મહારાજને બનાવ્યા. (૨૨/૩૨)

૪. ઑપરેશન પછી જાગીને તરત યોગીજી મહારાજે પૂછ્યું : શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ? (૨૩/૩૪)

**પ્ર.૯ નીચે આપેલ વિષયના સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : હું તો સેવક છું. (૧૧/૧૫)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૧ | ૨ | ૩ | ૫ | ૮ | ૯ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ૨ | ૩ | ૫ | ૧ | ૮ | ૯ |

**☞ તમામ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૦ નીચે આપેલ પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. શાસ્ત્રીજી મહારાજ પ્રગટ છે (૨૪/૩૪)**

સંવત્ ૨૦૦૭ની સાલમાં શાસ્ત્રીજી મહારાજે માંદગી ગ્રહણ કરી. તેમણે કહ્યું : 'મેં ગઢડાની આરતી કરી છે. હવે તેની પ્રતિષ્ઠા યોગીજી મહારાજ કરશે. મારામાં અને યોગીમાં એક રોમનોય ફેર નથી. હું તે યોગી અને યોગી તે હું છું.' આ હતા તેમના છેલ્લા શબ્દો. વૈશાખ સુદ ચોથને દિવસે તેઓ અંતર્ધાન થયા. બીજે દિવસે તેમના ભૌતિક દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. સૌ હરિભક્તો શોકમાં ડૂબી ગયા. સૌ વિચારવા લાગ્યા : શાસ્ત્રીજી મહારાજ ગયા, હવે આપણું શું થશે ?' આ વિચારમાં કોઈને કાંઈ સૂઝે નહિ. તે વખતે યોગીજી મહારાજે સૌને હિંમત આપતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ? શાસ્ત્રીજી મહારાજ આપણી વચ્ચેથી ગયા છે તેમ મનાય જ નહિ, શાસ્ત્રીજી મહારાજ

તો સત્સંગમાં સદાય પ્રગટ છે.' યોગીજી મહારાજના આવા મહિમાના શબ્દો સાંભળીને સૌને પ્રતીતિ થઈ કે 'જે શ્રીજીમહારાજ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રગટ હતા, તે જ શ્રીજીમહારાજ આજે યોગીજી મહારાજમાં પ્રગટ છે. શાસ્ત્રીજી મહારાજ હવે સૌને યોગીરૂપે સુખ આપશે.

શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી છઠ્ઠે જ દિવસે, અર્થાત્ સંવત ૨૦૦૭ના વૈશાખ સુદ દશમને દિવસે ધામધૂમથી ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો યોગીજી મહારાજના સાન્નિધ્યમાં થયો. પચાસ હજાર હરિભક્તો ભેગા મળ્યા. 'શાસ્ત્રીજી મહારાજ સત્સંગમાં સદાય પ્રગટ છે' તેવી સૌને પ્રતીતિ થઈ ગઈ. વિરોધીઓનાં મન અશાંત થઈ ગયાં. તેમને તો એમ કે 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા એટલે હવે કોઈ ઉત્સવ-સમૈયામાં આવશે નહિ. અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય પડી ભાંગશે.' પરંતુ ગઢડામાં યોગીજી મહારાજનો પ્રતાપ જોઈ તેઓ અંજાઈ ગયા. ચારેકોર અક્ષરપુરુષોત્તમનો જયજયકાર થઈ ગયો. યોગીજી મહારાજના વિશાળ કાર્યનો પ્રારંભ શરૂ થયો. હવે યોગીજી મહારાજે સૌનાં હૃદયમાં સ્થાન લઈ લીધું.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઝીણા ભગતે તો ''મને પેટમાં દુ:ખે છે, માટે જમવું નથી'' એવું બહાનું કાઢ્યું. (૧૨/૧૬)

જ. ઝીણા ભગતને તપ, ઉપવાસ કરવા બહુ ગમે. તે દિવસે અન્નકૂટ હોવાથી સાટા, જલેબીની રસોઈ છે તેવી તેમને ખબર પડતાં તેમણે ઉપવાસ કર્યો. દરબાર સાહેબે જમવાનો બહુ આગ્રહ કર્યો તેથી પેટમાં દુ:ખે છે, માટે જમવું નથી એવું બહાનું કાઢ્યું.

૨. શાળાના શિક્ષકોએ ઝીણાભાઈને કહ્યું, ''તો પછી સાધુ જ થઈ જા ને !'' (૫/૭)

જ. બપોરે શાળામાં અડધો કલાકની છૂટ્ટીમાં બધા બાળકો રમતો રમે ત્યારે ઝીણાભાઈ કોઈક ખૂણામાં કે ઝાડ નીચે બેસી ભગવાનનું ભજન કરતાં, ભગવાનને સંભારતા. તેથી શિક્ષકોએ કહ્યું.

૩. ''યોગીજી મહારાજ સૌના છે. યોગીજી કાંઈ સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના છે.'' (૨૮/૪૩)

જ. જુદા જુદા દરેક ધર્મના આચાર્યો અને મહંતોને યોગીજી મહારાજ માટે આદર હતો. તેઓ તેમની પાસે આશીર્વાદ અને માર્ગદર્શન લેવા પધારતા. તેમનું કહેવું હતું કે યોગીજી મહારાજ સૌના છે. યોગીજી મહારાજ કાંઈ સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહિ, સમગ્ર વિશ્વના છે.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, પંદરમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૬)**

**પ્ર.૧૨ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ:-અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ગંગામાં જેતલપુરમાં રહેતા હતા. (૭/૧૧)

૨. સંસ્કૃતના અભ્યાસમાં તેમને કોઈ પહોંચે નહિ, ભલભલા વિદ્વાનોને ચર્ચામાં હરાવી દેતા માટે બધા યજ્ઞપુરુષદાસજીને શાસ્ત્રીજી મહારાજ કહેતા. (૧૭/૩૯)

૩. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ભાદરામાં સંવત ૧૮૪૧ના આસો સુદિ પૂનમ - શરદપૂર્ણિમાના દિવસે થયો હતો. (૧૫/૨૬-૨૭)

૪. પૂંજાભાઈને કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી થકી સત્સંગ થયો. (૧૯/૪૧)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨, ૪ (૧/૧) **૨.** ૩, ૪ (૨૨/૪૮) **૩.** ૧, ૪ (૪/૬) **૪.** ૨ (૧૪/૨૫)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** સચ્ચિદાનંદ સ્વામી (૧૦/૧૯) **૨.** નાથ ભક્તે (૨૦/૪૪) **૩.** રામદાસ સ્વામી (૨૨/૪૭) **૪.** નારાયણ (૨/૨)

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. નારાયણ સુખદાતા દ્વિજકુળ તનુધારી પ્રભુ (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી. જય ૦
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી, પ્રભુ (૨)
અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી. જય ૦ (૯/૧૭)

**નોંધ :** ગુજરાતીમાં **સુખદાતા** અને હિન્દીમાં **નરભ્રાતા** બંને શબ્દમાંથી જે શબ્દ લખ્યો હોય તો જવાબ સાચો આપવો.

૨. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ! હે નાથ ! સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો ! દયા સિન્ધો ! સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ! ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ ॥ (૫/૯)

૩. ભાવ ધરીને બોલો, જય જય અક્ષરપુરુષોત્તમ જય જય અક્ષરપુરુષોત્તમ ...
શાસ્ત્ર સકળનો સાર પરમ એ, બ્રહ્મ અને પરબ્રહ્મ : જય જય બ્રહ્મ અને પરબ્રહ્મ ... જય જય ૦ (૨૩/૪૯)

૪. જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કરચરણ કરો ત્યારી
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી,
જળે ભર્યા ચંબુ ચોખાળી ..... જમો થાળ
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી ...... (૧૨/૨૨)

**પ્ર.૧૬ નીચે આપેલી 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો -૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**૧. "કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો, કદાપિ કરોડ કામ સુધર્યાં અને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું?"**
એક નાના ગામમાં એક પટેલ રહેતા હતા. તે એક વખત મોટા શહેરમાં ખરીદી કરવા જતા હતા. પટલાણીએ ઘણી વસ્તુ લાવવાની કહી, ગામનાં લોકોએ પણ તેમની વસ્તુઓ લાવવાની કહી. પટેલને થયું કે બીજાની વસ્તુ પહેલાં લઈ લઉં પછી મારા ઘર માટે નિરાંતે લઈશ. પરંતુ તેઓ ઘરની વસ્તુઓ લેવાનું ભૂલી ગયા. અને ગામમાં પાછા આવ્યા. ગામનાં લોકો તેમની વસ્તુઓ લેવા આવ્યા. બધી વસ્તુઓ આપી દીધા બાદ તેમનું ગાડું ખાલી થઈ ગયું હતું. આમ તેઓ પોતાની જ વસ્તુઓ ભૂલી ગયા ને ફોગટ ફેરો ખાધો. તેમ આપણે બીજા ઘણાં કામ કરીએ પણ ભજન કરી આપણું જ કલ્યાણ ન કરીએ તો મૂર્ખ કહેવાઈએ ને તેથી જ સ્વામી કહે છે કે, કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારી લેવો કદાચ કરોડ કામ સુધર્યાં ને મોક્ષ બગડ્યો, તો તે મૂર્ખાઈનું કામ થયું મોક્ષ સુધારવા ભગવાનનું નામ લેવું ભગવાનનું ભજન કરીએ ને ભગવાનનાં ભક્ત થઈએ, તો તે આપણી રક્ષા કરે છે. (૧૬/૩૩)

**પ્ર.૧૭ નીચે આપેલ પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. અખંડાનંદ સ્વામી (૮/૧૪)**

૧. એક દિવસ ગાઢ જંગલમાંથી પસાર થતા અખંડાનંદ સ્વામીના માર્ગમાં વાઘ દેખાયો.
૨. આજે જ ભગવાનના ધામમાં પહોંચી જઈએ તો મારું શરીર વાઘને ખોરાક તરીકે કામમાં આવશે.
૩. ભગવાનને પોતાના ભક્તની ફિકર રહે છે, તેને કષ્ટ થાય તે મહારાજ કેમ સહન કરે ?
૪. હું આત્મા છું, અમર છું, મારે ડરવાનું શાનું ? મારું નામ અખંડાનંદ. મારો આનંદ કોણ લઈ શકે ?
૫. એકાએક વાઘ સ્વામીના પગમાં પડતો હોય તેમ આળોટી જંગલમાં જતો રહ્યો.

❑ ❑ ❑